# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઈન્સ, સુરત

Phone No: (0261)2662903, Fax No: 2662902, Emailsuratdeo@gmail.com

જા.નં/.સેમીનાર/૨૦૨૦/૬૩૨

તા.૦૮/૦૧/૨૦૨૦

પ્રતિ,

આચાર્યશ્રી,

યાદી મુજબની શાળાઓ તરફ.

વિષય: "આકાશ મારી મુઠ્ઠીમાં" સેમિનારના કાર્યક્રમમાં હાજર રહેવા બાબત.

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા.૧૬/૦૧/૨૦૨૦ ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી ધો-૧૦ અને ધો-૧૨ જુદી જુદી શાળા ના કુલ આશરે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓ માટે આગામી માર્ચ-૨૦૨૦ની બોર્ડની પરીક્ષા સંદર્ભે માર્ગદર્શન આપી શકાય તે હેતુથી "આકાશ મારી મુઠ્ઠીમાં" વિષય ઉપર વક્તાશ્રી ડૉ.પરેશ પટેલ દ્વારા માર્ગદર્શન આપવાનું આયોજન કરેલ છે. આ કાર્યક્રમમાં નીચે જણાવ્યા મુજબની શાળા દીઠ (વિદ્યાર્થીઓની સંખ્યા ૫૦ અને ૨ શિક્ષકો) સદર કાર્યક્રમમાં હાજર રહે તેવી વ્યવસ્થા આપની કક્ષાએ કરવા જણાવવામાં આવે છે. આપની શાળાએથી કાર્યક્રમના સ્થળે વિદ્યાર્થીઓ સમયસર અને સલામત રીતે પહોચે તેમજ કાર્યક્રમ પુરો થયા બાદ પરત આપની શાળાએ તમામ વિદ્યાર્થીઓ સલામત રીતે પહોચી જાય તે અંગેની ખાસ કાળજી લેવા જણાવવામાં આવે છે. આ સાથે શાળાની યાદી સામેલ છે. નીચેની યાદી મુજબની શાળાઓ પૈકી જે શાળામાં ધો-૧૦ અને ધો-૧૨ બંને ચાલતા હોય તે શાળાઓએ ધો-૧૦ના ૨૫ વિદ્યાર્થીઓ અને ધો-૧૨ના ૨૫ વિદ્યાર્થીઓ મળી કુલ ૫૦ વિદ્યાર્થીઓને લાવવા લઈ જવાની વ્યવસ્થા કરવાની રહેશે. કાર્યક્રમના સ્થળે ૯:૩૦ કલાક સુધી હાજર થઈ જવું.

સંપર્ક: ૧. શ્રી એ.એમ.અગ્રવાલ શિ.નિ. (૯૪૨૮૭૪૫૪૭૮)

૨. શ્રી પી.એન.મીસ્ત્રી મ.શિ.નિ. (૯૯૦૯૯૫૧૦૬૬)

સ્થળનું નામ:- જીવન ભારતી હાઈસ્કુલ, નાનપુરા, સુરત.

તારીખ: ૧૬/૦૧/૨૦૨૦ (ગુરૂવાર)

સમય: સવારે ૧૦.૦૦ થી ૧૨.૦૦ કલાકે

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

નકલ રવાના:

1) જીવન ભારતી હાઈસ્કુલ, નાનપુરા,
2) સર. વી.ડી.ટી. ગર્લ્સ હાઈસ્કુલ.(વનિતા વિશ્રામ), અઠવાલાઇન્સ
3) એમ.ટી. જરીવાલા હાઈસ્કુલ,
4) સિગ્મા હાઈસ્કુલ(ઇંગ્લીશ), સગરામપુરા
5) સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, ઘોડદોડ રોડ
6) લૂર્ડ્સ કોન્વેન્ટ હાઈસ્કુલ, ઘોડદોડ
7) સી.સી. શાહ સાર્વજનિક હાઈસ્કુલ,
8) શારદા યતન હાઈસ્કુલ, પીપલોદ
9) ટી.એન્ડ ટી.વી. સાર્વ. હાઈસ્કુલ, નાનપુરા
10) આર.ડી.કોન્ટ્રાક્ટર હાઈસ્કુલ, નાનપુરા

નકલ રવાના:

સદર કાર્યકર્મના સુચારૂ આયોજન સંદર્ભે.

૧. શ્રી એ.એમ.અગ્રવાલ શિ.નિ. (૯૪૨૮૭૪૫૪૭૮)

૨. શ્રી પી.એન.મીસ્ત્રી મ.શિ.નિ. (૯૯૦૯૯૫૧૦૬૬)

Scanned by CamScanner